| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૦૨ | ૦૯ | ૨૦૨૫ |
| નોંધ્યા તારીખ: | ૦૨ | ૦૯ | ૨૦૨૫ |
| ફેંસલ તારીખ: | ૨૧ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૭ | ૧૯ |

**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના પ્રકરણ નં. ૫ના ૧૭૯(અ) અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તા. ૨૦/૦૫/૨૦૨૨ના ઠરાવેલા પર્ફોમા મુજબ**

**આંક–**

**:: નમુના – અ ::**

| **ખેડા જિલ્લાના મહે. સ્પે. જજ (પોકસો) અને અધિક સત્ર ન્યાયાધીશશ્રી, મુ. કપડવંજ.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ |
| સ્પે. પોકસો કેસ નંબર | ૨૫/૨૦૨૫ |

## ગુનાની વિગત

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ | ગુ.ર. નં. ૧૧૨૦૪૦૨૭૨૫૦૦૯૫/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | કઠલાલ પોલીસ સ્ટેશન |
| ફરીયાદી | સરકારશ્રી/ભોગ બનનારના માતા |
| ફરીયાદી તરફે વિધ્વાન એ.પી.પી. | શ્રી એમ. આર. પટેલ |
| આરોપી | પ્રકાશકુમાર ઉર્ફે પ્રવિણ સ/ઓ કાનાભાઈ ચતુરભાઈ ગોહીલ, ઉ.વ.આ. ૨૧, રહે. ઉદાપુરા, મેલડીમાતાના મંદીર પાસે, તા. કપડવંજ, જિ. ખેડા. |
| આરોપી તરફે વિધ્વાન વકીલ | શ્રી એમ. એન. છાસટીયા |

## :: નમુના – બ ::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | ૦૪/૦૨/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ : | ૨૭/૦૨/૨૦૨૫ |
| ચાર્જસીટની તારીખ : | ૨૨/૦૮/૨૦૨૫ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | ૦૪/૧૦/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનું શરુ કર્યા તારીખ : | ૦૭/૧૦/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | ૧૫/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ : | ૨૧/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | નથી |

## :: આરોપીની માહીતી ::

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે ? | શું દોષી / નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન **UTP** રહેલ સમય ગાળો **CrPC.** ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | પ્રકાશકુમાર ઉર્ફે પ્રવિણ સ/ઓ કાનાભાઈ ચતુરભાઈ ગોહીલ | ૧૫/૦૭/૨૦૨૫ | ૨૨/૦૯/૨૦૨૫ | ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | ૦૦ વર્ષ ૦૨ માસ ૦૭ દિવસ |

## :: નમુનો ક ::

## ફરીયાદપક્ષ/ બચાવપક્ષ / ન્યાયલયના સાક્ષીઓની યાદી

## અ) ફરીયાદપક્ષના સાક્ષીની વિગત :

| **ક્રમ** | **સાક્ષીઓના નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ૧) | શૈલેષભાઈ રણછોડભાઈ પટેલની જુબાની | આચાર્ય |
| ૨) | ચંદ્રકાંતભાઈ ભાથુભાઈ ડાંગીની જુબાની | તલાટી કમ મંત્રી |
| ૩) | ભોગ બનનારની જુબાની | ભોગ બનનાર |

| | | |
|---|---|---|
| ૪) | ભોગ બનનારની માતાની જુબાની | મુળ ફરીયાદી |
| ૫) | ડો. નિલેષકુમાર વિનોદચંદ્ર પરમારની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૬) | ડો. અજય ભીખાભાઈ મકવાણાની જુબાની | મેડીકલ ઓફીસર |
| ૭) | ડો. શર્વરી અમીતાભ ખંડકરની જુબાની | ગાયનેકોલોજીસ્ટ |
| ૮) | ભારતીબેન દીપકભાઈ પટેલની જુબાની | સરકારી પંચસાહેદ |
| ૯) | મહેશભાઈ ચંદુભાઈ બારૈયાની જુબાની | સાહેદ |
| ૧૦) | બળવંતભાઈ લાલાભાઈ પરમારની જુબાની | સાહેદ |
| ૧૧) | સુધીરભાઈ વાલજીભાઈ પાડલીયાની જુબાની | સાહેદ |
| ૧૨) | ભુપેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ ચાવડાની જુબાની | તપાસ કરનાર અમલદાર |
| ૧૩) | સંજયભાઈ ધનજીભાઈ પોલરાની જુબાની | સાહેદ |
| ૧૪) | મુકેશભાઈ વજેસિંહ ભગોરાની જુબાની | તપાસ કરનાર અમલદાર |

## બ) બચાવના સાક્ષી :

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | નથી | – |

## ક) કોર્ટના સાક્ષી :

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | નથી | – |

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ ન્યાયાલય તરફથી રજુ દસ્તાવેજો :

## અ) ફરીયાદપક્ષે આપવામા આવેલ આંક:

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | શાળાના ઉંમરબુકના નં. ૯૪૫૧ના રજી. ની નકલ |
| ૨ | ૧૫ | ભોગ બનનારનુ જન્મનુ પ્રમાણપત્ર |

| | | |
|---|---|---|
| ૩ | ૧૬ | ભોગ બનનારની શાળામા હાજરી બાબતે ખરાઈ કરવા બાબતની યાદી |
| ૪ | ૧૭ | ભોગ બનનારની શાળામા હાજરી બાબતનો ખરાઈ કર્યાનો દાખલો |
| ૫ | ૧૮ | ભોગ બનનારની શાળાનુ ફેબ્રુઆરી ૨૦૨૫ના હાજરી પત્રકની નકલ |
| ૬ | ૨૦ | ભોગ બનનારનો જન્મનો દાખલો કરાઈ કરી આપવા બાબતની યાદી |
| ૭ | ૨૧ | ભોગ બનનારનુ જન્મનુ પ્રમાણપત્ર |
| ૮ | ૨૨ | તલાટીનો જન્મ–મરણના રજી. ના ઉતારાની નકલ |
| ૯ | ૨૬ | ભોગ બનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન |
| ૧૦ | ૨૮ | અસલ ફરીયાદ |
| ૧૧ | ૨૯ | ભોગ બનનારના જન્મનુ પ્રમાણપત્ર |
| ૧૨ | ૩૧ | ભોગ બનનારની મેડીકલ તપાસણી માટેની યાદી |
| ૧૩ | ૩૨ | ભોગ બનનારના મેડીકલ કેસ પેપર્સ |
| ૧૪ | ૩૩ | ભોગ બનનારના એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે લીધેલ નમુના |
| ૧૫ | ૩૪ | ભોગ બનનારનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૬ | ૩૫ | આરોપીની મેડી. તપાસણી કરી મેડી. સર્ટી આપવા બાબતની યાદી |
| ૧૭ | ૩૬ | આરોપીના મેડીકલ કેસ પેપર્સ |
| ૧૮ | ૩૭ | આરોપીના એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે લીધેલ નમુના |
| ૧૯ | ૩૭(એ) | આરોપીનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૨૦ | ૩૯ | ભોગ બનનારનુ સી.એચ.સી. કઠલાલનુ ફેરબદલી ફોર્મ |
| ૨૧ | ૪૦ | ભોગ બનનારની મેડીકલ તપાસણી માટેની સંમતિ |
| ૨૨ | ૪૧ | ભોગ બનનારના મેડીકલ કેસ પેપર્સ |
| ૨૩ | ૪૨ | ભોગ બનનારનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૨૪ | ૪૬ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૨૫ | ૪૭ | ભોગ બનનારના શરીર સ્થિતિનુ તથા કપડા કબ્જે કર્યાનુ પંચનામું |
| ૨૬ | ૪૮ | આરોપીના શરીર સ્થિતિનુ તથા કપડા કબ્જે કર્યાનુ પંચનામું |
| ૨૭ | ૫૨ | સુધીરભાઈ વાલજીભાઈ વાડલીયાના લાઈટબીલની નકલ |
| ૨૮ | ૫૬ | મુદ્દામાલ એફ.એસ.એલ.મા મોકલ્યાનુ રવાનગીપત્રક |

| | | |
|---|---|---|
| ૨૯ | ૫૭ | મુદ્દામાલ એફ.એસ.એલ.મા મળી ગયાની પહોંચ |
| ૩૦ | ૫૮ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૩૧ | ૫૯ | ભોગ બનનારની તથા આરોપીની મેડી. તપાસણી કરી મેડી. સર્ટી આપવા બાબતની યાદી |
| ૩૨ | ૬૦ | સરકારી પંચસાહેદો ફાળવવા બાબતની યાદી |
| ૩૩ | ૬૧ | સદર ગુનાના કામે બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(એમ) તથા પોકસોની જરૂરી કલમો ઉમેરવા બાબતની યાદી |
| ૩૪ | ૬૨ | બાયોલોજી તથા સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ |
| ૩૫ | ૬૩ | સુધીરભાઈ વાલજીભાઈ વાડલીયાના લાઈટબીલની નકલ |
| ૩૬ | ૬૪ | ભોગ બનનારના મોબાઈલ નંબરની સી.ડી.આર. (૧૭ પાન) |
| ૩૭ | ૬૫ | આરોપીના મોબાઈલ નંબરની સી.ડી.આર. (૦૪ પાન) |
| ૩૮ | ૬૬ | ભોગ બનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન લેવા માટેની યાદી |

## બ) બચાવપક્ષે આપવામા આવેલ આંક:

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | નથી |

## ક) ન્યાયલય દ્વારા આપવામા આવેલ આંક:

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| – | – | નથી |

## ફરીયાદી તરફે રજુ થયેલ મુદામાલ વિગત :

| ક્રમ | મુદામાલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | આર્ટીકલ નં. ૧ | એક વાદળી–સફેદ તથા આછા કાળા કલરની ટી–શર્ટ |
| ૨ | આર્ટીકલ નં. ૨ | એક નેવી બ્લ્યુ કલરની લેંઘી |
| ૩ | આર્ટીકલ નં. ૩ | એક કાળા તથા ગુલાબી કલરનો દુપટ્ટો |
| ૪ | આર્ટીકલ નં. ૪ | એક પોપ્ટી કલરની અડધી બાંયની ટી–શર્ટ |

| | | |
|---|---|---|
| ૫ | આર્ટીકલ નં. ૫ | એક કાળા કલરનો જુના જેવો ચડ્ડો |

**ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨**

**– :: ચુ કા દો :: –**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર કે જેની ઉમર ૧૭ વર્ષ ૦૪ માસ (જન્મ તા. ૨૭/૦૯/૨૦૦૭)નાનીને આ કામના આરોપીએ તા. ૦૪/૦૨/૨૦૨૫ના રોજ સવારના કલાક ૧૧:૦૦ વાગ્યાની આસપાસ મોજે [redacted], બસસ્ટેશન ખાતેથી લલચાવી, ફોસલાવી, પટાવી લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે જારકર્મ કરવાના ઈરાદાથી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અમદાવાદ ખાતે પોતાની સાથે ભગાડી લઈ જઈ તા. ૧૫/૦૭/૨૦૨૫ સુધી ભોગ બનનારને પોતાની સાથે સર્જન એસ્ટેટ, પ્લોટ નં. ૮૭, નિકોલ, અમદાવાદ ખાતે એક ઓરડીમાં રાખી આ સમયગાળા દરમ્યાન આ કામના આરોપીએ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર સંભોગ કરી ગુનો કરેલ. જે સબબ ફરીયાદીએ કઠલાલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ જાહેર કરેલી.

**કેસ કાર્યવાહીની વિગત :–**

(૨) આ કામે આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતાં તેમની સામેના હાલના ગુનાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળેલી છે કે કેમ ? તેની ખાત્રી કરી સદર કોડની કલમ–૨૪૯ની જોગવાઈઓનું પાલન કર્યા પછી સદર કોડની કલમ – ૨૫૧(૧)(બી) પ્રમાણે આરોપી વિરુધ્ધ બંને પક્ષકારોને સાંભળી તહોમતનામું આંક–૧૦થી ફરમાવવામાં આવેલ છે તથા સદર કોડની કલમ–૨૫૧(૨) પ્રમાણે આરોપીનો જવાબ આંક–૧૧થી નોંધી લેવામાં આવેલ છે. આરોપીએ તહોમતનામામાં જણાવેલ ગુનો કબૂલ કરેલ નથી

અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવેલ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલો. આ કામના આરોપી જામીન ઉપર મુકત છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નમુના–કમાં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૪) ફરીયાદપક્ષે તેઓનો મૌખીક પુરાવો કરતા વધુ મૌખીક પુરાવો આપવા માંગતા નથી તે મતલબની આંક–૬૭થી પુરસીસ આપેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં તેના આધારે આરોપી વિરુધ્ધના સંજોગોનો ખુલાસો કરવાના આશયથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપી જણાવે છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓ વિરૂધ્ધ ખોટો કેસ કરેલ છે.

(૬) ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામે ભોગ બનનાર બનાવ સમયે સગીરવયના હોવાનુ પુરવાર થયેલ છે. ભોગ બનનારને કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. વધુમા રેકર્ડ પર રજુ થયેલ પુરાવો ધ્યાને લઈ નામદાર કોર્ટને યોગ્ય લાગે તે ન્યાયીક હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૭) આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રીને સાંભળ્યા. આરોપી તરફે મુખ્યત્વે તેવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૮) ઉપરોકત હકીકતે હાલના કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>– : મુદ્દાઓ : –</u>**

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ ૨૦૧૨ની કલમ–૨(ડી)માં આપવામા આવેલ ''બાળક'' (Child)ની વ્યાખ્યામા ભોગ બનનારનો સમાવેશ થાય છે ?

૨. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૦૪/૦૨ /૨૦૨૫ના રોજ સવારના કલાક ૧૧:૦૦ વાગ્યાની આસપાસ ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર ઉ.વ. ૧૭ વર્ષ ૦૪ માસનીને લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૮૭, ૧૩૭(૨) મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૩. શું ફરીયાદપક્ષ એ હકીકત પ્રાથમીક પુરાવાથી પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર કે જેની ઉમર ૧૭ વર્ષ ૦૪ માસ (જન્મ તા. ૨૭/૦૯/૨૦૦૭)નાનીને આ કામના આરોપીએ તા. ૦૪/૦૨/ ૨૦૨૫ના રોજ સવારના કલાક ૧૧:૦૦ વાગ્યાની આસપાસ મોજે [redacted], બસસ્ટેશન ખાતેથી લલચાવી, ફોસલાવી, પટાવી લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે જારકર્મ કરવાના ઈરાદાથી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અમદાવાદ ખાતે પોતાની સાથે ભગાડી લઈ જઈ તા. ૧૫/૦૭/૨૦૨૫ સુધી ભોગ બનનારને પોતાની સાથે સર્જન એસ્ટેટ, પ્લોટ નં. ૮૭, નિકોલ, અમદાવાદ ખાતે એક ઓરડીમાં રાખી આ સમયગાળા દરમ્યાન આ કામના આરોપીએ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ તેણીની સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર સંભોગ કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ– ૬૪(૨)(એમ) મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

૪. શું ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ઉપરોકત તારીખ, સમયે ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણવા છતાં તેણી ઉપર જાતિય હુમલો કરી તથા જાતિય સતામણી કરી જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૪, ૬, ૧૨ મુજબ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૫. શું હુકમ ?

(૮.૧) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) થી (૪) નકારમાં

(૫) આખરી હુકમ મુજબ

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં. (૧)** :-

(૯) આ મુદ્દાની ચર્ચા કરતા પહેલા એ હકીકત નોંધનીય છે કે, આરોપી ઉપર જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ ૨૦૧૨ની કલમ-૩(એ), ૪ અને ૧૨ મુજબના ગુનાનો પણ આક્ષેપ છે. સદર કાયદાની કલમ-૨(ડી)મા આપવામા આવેલ ''બાળક'' (Child) ની વ્યાખ્યામા ભોગ બનનારનો સમાવેશ થાય છે કે કેમ ? તે અંગે જોઈએ તો, ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ તા. ૦૪/૦૨/૨૦૨૫ના રોજ બનેલ છે. તે સમયે ભોગ બનનારની જન્મ તા. ૨૭/૦૯/૨૦૦૭ની હતી. આ હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે સાબીત કરેલ છે કે કેમ ? તે અંગે જોઈએ તો આ કામે ફરીયાદ પક્ષે સાહેદ નં. ૦૧થી શૈલેષકુમાર રણછોડભાઈ પટેલ, ભોગ બનનારની શાળાના આચાર્યને તપાસવામા આવેલ છે. તેઓની જુબાનીમાં તેઓએ તેઓની શાળાનુ વિદ્યાર્થીઓની ઉમરબુકનુ અસલ રજી. લાવેલ જેમા નં. ૯૪૫૧થી ભોગ બનનારની જન્મ તા. ૨૭/૦૯/૨૦૦૭થી નોંધેલ છે જે આંક-૧૪થી તથા ભોગ બનનારનો જન્મનો દાખલો આંક-૧૫થી રજુ કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નં. ૨થી તલાટી કમ મંત્રી ચંદ્રકાંતભાઈ ભાથુભાઈ ડાંગીને તપાસવામા આવેલ છે. તેઓની જુબાનીમાં આંક-૨૧થી ભોગ બનનારના જન્મનુ પ્રમાણપત્ર રજુ થયેલ છે તથા આંક-૨૨થી જન્મના રજીસ્ટરના ઉતારાની નકલ રજુ થયેલ છે. જે વંચાણે લેતાં તેમાં ભોગ બનનારની જન્મ તા. ૨૭/૦૯/૨૦૦૭ના રોજની દર્શાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે. જેમા બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિકળી આવેલ નથી. ત્યારબાદ સદર કામે સાહેદ નં. ૦૩થી ભોગ બનનારને તપાસવા। આવેલ છે જેઓએ તેમની જન્મ તા. ૨૭/૦૯/૨૦૦૭ની હોવાનો પુરાવો આપેલ છે. ત્યારબાદ

ભોગ બનનારની માતાને સાહેદ નં. ૦૪થી તપાસવામા આવેલ છે તેઓએ ભોગ બનનારની જન્મ તારીખ ૨૭/૦૯/૨૦૦૭ની હોવાનો પુરાવો આપેલ છે. આ હકીકતથી વિરૂધ્ધનો રેકર્ડ ઉપર કોઈ પુરાવો નથી. આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ભોગ બનનારની ઉમર બનાવ સમયે ૧૭ વર્ષ ૦૪ માસ ૦૮ દીવસની હોવાનુ પુરવાર થાય છે. આમ, ફરીયાદપક્ષ બનાવ સમયે ભોગ બનનારનો સદર કાયદાની કલમ-૨(ડી)મા આપવામા આવેલ ''બાળક'' (Child)ની વ્યાખ્યામા સમાવેશ થતો હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામા સફળ રહેલ છે. જેથી **મુદ્દા નં. ૦૧નો જવાબ હકારમા** ઠરાવવામા આવે છે.

**<u>મુદ્દા નં. (૨) તથા (૩) :-</u>**

(૧૦) સદરહુ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોવાથી પુનરાવર્તન ટાળવા માટે તેની સંયુકત ચર્ચા કરવામા આવેલ છે. ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ આંક-૧૦થી તહોમતનામું ફરમાવવામા આવેલ છે તે મુજબના ગુનાઓ આરોપીએ કરેલ છે કે કેમ ? તે હકીકત ફરીયાદપક્ષે સાબીત કરવાની રહે છે.

(૧૦.૧) ફરીયાદપક્ષ તરફે ભોગબનનારને સાહેદ નં. ૦૩થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા આ સાહેદ ભોગબનનાર પોતે છે. તેઓને કોઈ લલચાવી, ફોસલાવી, પટાવીને ભગાડી ગયેલ નહી. ભોગ બનનાર તેઓની જુબાનીમાં આરોપીને તેઓ ઓળખતા હોવાનુ તથા આરોપીએ ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી ભગાડીને લઈ ગયેલ હોય અને તેઓના ઘરમાં કે અન્ય જગ્યાએ શરીર સંબંધ બાંધી બળાત્કાર કર્યો હોય કે લગ્ન કરવાનુ જણાવી શરીર સંબંધ બાંધ્યો હોય તેવું બનેલ નહી. ભોગ બનનાર સાથે તેઓની મરજીથી કે મરજી વિરૂધ્ધ કોઈએ શારીરીક સંભોગ/બળાત્કાર કરેલ હોય તેવું બનેલ નથી. પોલીસ તેઓને ડોકટર સાહેબ જોડે લઈ ગયેલ જયાં તેઓનુ મેડીકલ કરવામા આવેલ. તેઓએ પોલીસને કશુંય બતાવેલ નહી. પોલીસે તેઓનુ માત્ર નામઠામ પુછેલું તે સિવાય કાંઈ પુછેલું નહી. આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપતા ન હોય જેથી

વિ. એ. પી. પી.શ્રીની મૌખિક વિનંતીથી આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપેલ જેથી વિ. એ. પી. પી. શ્રીએ આ સાહેદની ઉલટતપાસ કરેલ જેમાં પણ આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી. આમ, આ સાહેદનો પુરાવો જોતાં આરોપીએ તહોમતનામામાં જણાવેલ ગુનો કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું હોય તેવો પુરતો અને નિ:શંક પુરાવો નિકળી આવતો નથી.

(૧૦.૨) ફરીયાદપક્ષ તરફે મુળ ફરીયાદી ભોગબનનારના માતાને સાહેદ નં. ૦૪થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા આ સાહેદ ભોગ બનનારના માતા છે તથા આ કામના મુળ ફરીયાદી છે. ભોગબનનાર તેના નાનાના ઘરે રહેતી હતી. ભોગ બનનાર અને આરોપી એકબીજાને ઓળખતા હતા. આોપીએ ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી ભગાડીને લઈ ગયેલ હોય અને તેઓના ઘરમાં કે અન્ય જગ્યાએ ભોગ બનનાર સાથે શરીર સંબંઘ બાંધી બળાત્કાર કર્યો હોય કે લગ્ન કરવાનુ જણાવી શરીર સંબંઘ બાંધ્યો હોય તેવું બનેલ નહી. તેઓએ આરોપી વિરૂઘ્ધ આંક –૨૮વાળી ફરીયાદ આપેલી. આ સિવાય તેઓને કાંઈ કહેવું નથી. આ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપતા ન હોય જેથી વિ. એ. પી. પી. શ્રીની મૌખિક વિનંતીથી આ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપેલ જેથી વિ. એ. પી. પી.શ્રીએ આ સાહેદની ઉલટ તપાસ કરેલ જેમાં પણ આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી. આમ, આ સાહેદનો પુરાવો જોતાં આરોપીએ તહોમતનામામાં જણાવેલ ગુનો કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું હોય તેવો પુરતો અને નિ:શંક પુરાવો નિકળી આવતો નથી.

(૧૦.૩) ફરીયાદપક્ષે આ કામે મેડીકલ ઓફીસર ડો. નિલેષકુમાર વિનોદચંદ્ર પરમારને સાહેદ નં. ૫થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતાં આ સાહેદે ભોગબનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી

કરી, ભોગબનનાર તથા આરોપીની હીસ્ટ્રી નોંધી તથા બંનેના શરીર ઉપરથી જરૂરી નમુનાઓ લઈ એફ.એસ. એલ.મા મોકલવા પોલીસને આપેલ હોવાનો પુરાવો આપેલ છે. આ સાહેદે ભોગ બનનારે તેમની સમક્ષ હીસ્ટ્રી આપેલ હોવાનુ જણાવેલ છે. વધુમા ભોગબનનારે તેમની જુબાનીમા આરોપીનાએ તેઓ સાથે કોઈ શરીર સંબંધ બાંધેલો નથી કે તેઓ સાથે બળાત્કાર કરેલ નહી હોવાનુ જણાવેલ છે. તે સંજોગોમા એક માત્ર ડોકટરના પુરાવાથી આરોપીને ગુના સાથે સાંકળવો ન્યાયી અને વ્યાજબી જણાતું નથી.

(૧૦.૪) ફરીયાદપક્ષે આ કામે મેડીકલ ઓફીસર ડો. સંજય ભીખાભાઈ મકવાણાને સાહેદ નં. ૦૬થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતાં આ સાહેદે ભોગબનનાર મેડીકલ તપાસણી કરી, તેઓની હોસ્પી.મા ભોગ બનનારનો કેસ નોંધી ભોગ બનનારની તપાસ માટે તેણીની લેખીત સંમતિ લીધેલ, ભોગ બનનારને તે જ દીવસે તપાસેલા, તેઓની હોસ્પી.મા ડો. શર્વરીબેન ખાં ડકરનાએ ભોગ બનનારને તપાસેલ, તેણીનુ હાયમન જુનુ અને તુટેલુ હતુ, તેણીના શરીરના ભાગે તથા ગુપ્ત ભાગે બળજબરીના કોઈ ચિન્હો દેખાયેલ નહી હોવાનો પુરાવો આપેલ છે.

(૧૦.૫) ફરીયાદપક્ષે આ કામે મેડીકલ ઓફીસર ડો. શર્વરી અમિતાભ ખાંડકરને સાહેદ નં. ૦૭થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતાં આ સાહેદે ભોગબનનાર મેડીકલ તપાસણી કરી, તેઓની હોસ્પી.મા ભોગ બનનારનો કેસ નોંધી ભોગ બનનારની તપાસ માટે તેણીની લેખીત સંમતિ લીધેલ ભોગ બનનારને તે જ દીવસે તપાસેલા, તેઓની હોસ્પી.મા તેઓએ ભોગ બનનારને તપાસેલ, તેણીનો પ્રેગનન્સી ટેસ્ટ કરાવવામા આવેલ જે નેગેટીવ હતો, તેણીનુ હાયમન જુનુ અને તુટેલુ હતુ, તેણીના શરીરના ભાગે તથા ગુપ્ત ભાગે બળજબરીના કોઈ ચિન્હો દેખાયેલ નહી હોવાનો પુરાવો આપેલ છે.

(૧૦.૬) ફરીયાદપક્ષે ગુનાવાળી જગ્યા, ભોગ બનનાર તથા આરોપીના કપડા કબ્જે કર્યાના પંચનામાઓના પંચસાહેદ ભારતીબેન દિપકભાઈ પટેલને સાહેદ નં. ૦૮થી

કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા અવેલ છે તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા તેમની તથા બીજા પંચસાહેદ ભરતભાઈ તુલસીભાઈ મકવાણાની હાજરીમા ઉપરોકત પંચનામાઓમા જણાવેલ વિગતે પંચનામાઓ થયેલ હોવાની હકીકતને સમર્થનકારી પુરાવો આપી આંક–૪૬, ૪૭ તથા ૪૮થી સદરહુ પંચનામાઓ રજુ કરેલ છે. બચાવપક્ષે આ સાહેદોની ઉલટતપાસ કરવામા આવેલ છે તેમાં એવી કોઈ હકીકત નિકળી આવતી નથી કે, પંચોની હાજરીમા સદરહુ પંચનામાઓ થયેલ નથી.

(૧૦.૭) ફરીયાદપક્ષે સાહેદ મહેશભાઈ ચંદુભાઈ બારૈયાને સાહેદ નં. ૦૯ થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તા. ૦૪/૦૨/ ૨૦૨૫ના રોજ તેઓ કઠલાલ બસ સ્ટેન્ડથી આ કામના આરોપીને તેઓની રીક્ષામા બેસાડેલ અને રેલ્વે ફાટક ક્રોસ કરી રામાપીર મંદીર પહેલા વડ નીચે આરોપીએ રીક્ષા ઉભી રખાવેલ અને થોડીવાર બાદ એક છોકરી આપેલ અને તેણે શાળાનો યુનિફોર્મ પહેરેલ અથો અને મોઢા ઉપર દુપટ્ટો પહેરેલ હતો. તે છોકરી આરોપી પાસે આવીને બેસી ગયેલ. ત્યારબાદ રીક્ષા આરોપીના કહેવા મુજબ છીપડી ખાતે જવા દીધેલી અને છીપડી પાટીયા પાસે તેઓ બંને જણા ઉતરી ગયેલા. પોલીસે તેઓની પુછપરછ કરી જવાબ લીધેલ. આમ, આ સાહેદનો પુરાવો જોતાં આરોપીએ તહોમતનામામાં જણાવેલ ગુનો કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું હોય તેવો પુરતો અને નિ:શંક પુરાવો નિકળી આવતો નથી.

(૧૦.૮) ફરીયાદપક્ષે સાહેદ બળવંતભાઈ લાલાભાઈ પરમારને સાહેદ નં. ૧૦થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેઓને રીક્ષા છે અને તેઓ રીક્ષા ડ્રાઈવીંગ કરે છે. તા. ૦૪/૦૨/૨૦૨૫ના રોજ તેઓના મિત્ર પ્રકાશનો તેઓના ઉપર છીપડી જવા માટે ફોન આવેલ. પરંતુ જે તે સમયે તેઓને કઠલાલ બજારમાં કામ હોય જેથી તેઓએ તેમના મિત્ર મહેશભાઈ ચંદુભાઈ બારૈયાને તેમના મિત્ર પ્રકાશને છીપડી લઈ જવા મોકલેલ. ત્યારબાદ તેઓ કઠલાલ બજારમાં ગયેલ અને મહેશ રીક્ષા લઈને પ્રકાશને છીપડી મુકવા ગયેલ. તે દરમ્યાન પ્રકાશે

ચૌહાણપુરા નજીક પીટીસી કોલેજ પાસેથી એક છોકરીને બેસાડેલ અને તેણીએ સ્કુલનો ડ્રેસ પહેરેલ હતો. પ્રકાશે રીક્ષાનુ ભાડુ આપેલ નહી. ત્યારબાદ પ્રકાશનો ફોન બંધ આવેલ. તેઓને વાતોવાતમાંથી જાણવા મળેલ કે પ્રકાશ કોઈક છોકરીને લઈને ભાગી ગયેલ છે. પોલીસે તેઓની પુછપરછ કરી જવાબ લીધેલ. આમ, આ સાહેદનો પુરાવો જોતાં આરોપીએ તહોમતનામામાં જણાવેલ ગુનો કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું હોય તેવો પુરતો અને નિ:શંક પુરાવો નિકળી આવતો નથી.

(૧૦.૯) ફરીયાદપક્ષે સાહેદ સુધીરભાઈ વાલજીભાઈ પાડલીયાને સાહેદ નં. ૧૧થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓ સર્જન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમા શેડ નં. ૮૭મા તેઓની ઉમા એન્જીનીયરીંગ નામનુ પ્લાસ્ટીકના વાલ બનાવવાનુ કારખાનુ ચલાવે છે. જુન ૨૦૨૫ના અરસામાં સાંજના સમયે પુષ્કળ વરસાદ હતો તે સમયે આરોપી અને ભોગ બનનાર તેઓના કારખાના નીચે આવીને ઉભા રહેલા હતા અને તેઓ પલળી ગયેલ હતા અને ઠંડીથી ઠરતા હતા અને પોતે પતિ–પત્ની હોવાનુ જણાવેલ અને બે ત્રણ દીવસ રહેવા જગ્યા આપવા વિનંતી કરેલ જેથી તેઓએ તેમના કારખાનાની ઉપરની રૂમમાં રહેવા જગ્યા આપેલી. આ બંને જણા વિશાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ભોજનાલયમાં નોકરી કરતા હતા તેઓએ ફરીથી રૂમ આપવા વિનંતી કરતા તા. ૧૫/ ૦૭/૨૦૨૫ સુધી તેઓના કારખાનાની ઉપર આવેલ રૂમ તેમને આપેલ. તેઓ નોકરી અર્થે ગયેલ અને પરત આવેલ નહી. તેઓ કયાંના રહેવાસી છે તે અંગે તેઓને કાંઈ ખબર નથી. પોલીસને તેઓએ આંક–પરવાળુ તેઓનુ લાઈટબીલ આપેલી. પોલીસે તેઓનો જવાબ લીધેલ. આમ, આ સાહેદનો પુરાવો જોતાં આરોપીએ તહોમતનામામાં જણાવેલ ગુનો કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું હોય તેવો પુરતો અને નિ:શંક પુરાવો નિકળી આવતો નથી.

(૧૦.૧૦) ફરીયાદપક્ષે તપાસ કરનાર અમલદાર ભુપેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ ચાવડાને સાહેદ નં. ૧૨થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓએ તા. ૧૯/૦૭/૨૦૨૫ ના રોજ કઠલાલ પો. સ્ટે.મા પી.એસ.આઈ. તરીકે હાજર હતા તે દરમ્યાન કઠલાલ

પો. સ્ટે. ગુ. ર. નં. ૯૫/૨૦૨૫થી દાખલ થયેલ જેની તપાસ પી.આઈ. ભગોરા તરફથી તેઓને મળેલ. તેઓએ કામે માત્ર ગુનાવાળી જગ્યાનુ પંચનામું જરૂરી પંચો સાથે રાખી કરેલ અને તેનુ ઈ–સાક્ષ્ય અપ્લીકેશનમાં વિડીયોગ્રાફી કરી અપલોડ પણ કરેલ. આ પંચનામું તેઓએ પી.આઈ. ભગોરાને સોંપેલુ. તેઓએ આ સિવાય અન્ય કોઈ તપાસ કરેલ નહી.

(૧૦.૧૧) ફરીયાદપક્ષે સાહેદ સંજયભાઈ ધનજીભાઈ પોલરાને સાહેદ નં. ૧૩થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓ અમદાવાદ ખાતે આવેલ નિકોલ વિસ્તારમાં કષ્ટભંજન ભોજનાલય નામનુ ભોજનાલય ચલાવે છે. તા. ૨૭/૦૫/૨૦૨૫ ના રોજ તેઓના ભોજનાલય ઉપર એક છોકરો અને છોકરી આપેલ ત્યારે છોકરાએ જણાવેલ કે તેઓ પતિ–પત્ની છે અને તેઓને કામની જરૂર છે. છોકરીએ કહેલ કે મને રોટલી બનાવતા આવડે છે અમને કામ આપો. તેઓએ તેમની પાસેથી આધારકાર્ડ માંગેલ પરંતુ તેઓએ જણાવેલ કે હાલ અમારી પાસે નથી પરંતુ રક્ષાબંધને ઘરે જઈશુ ત્યારે પરત આવીને તમને આધારકાર્ડ આપીશું. તેઓએ તે બંનેને નોકરીએ રાખેલ. ત્યારબાદ તા. ૧૫/૦૭/૨૦૨૫ના રોજ તેઓને ગામ જવુ છે તેમ જણાવી તેઓ નીકળી ગયેલ અને પરત આવેલ નહી. તેઓ આરોપી અને ભોગ બનનારને ઓળખે છે. પોલીસે તેઓની પુછપરછ કરી જવાબ લીધેલ. આમ, આ સાહેદનો પુરાવો જોતાં આરોપીએ તહોમતનામામાં જણાવેલ ગુનો કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું હોય તેવો પુરતો અને નિ:શંક પુરાવો નિકળી આવતો નથી.

(૧૦.૧૨) ફરીયાદપક્ષે આ કામે ગુનો દાખલ કરનાર પોલીસ તથા તપાસ કરનાર અમલદાર મુકેશભાઈ વજેસિંહ ભગોરાને સાહેદ નં. ૧૪થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતાં આ કામના ફરીયાદી કઠલાલ પો. સ્ટે. આવેલ અને આરોપીએ ભોગ બનનારને તેઓના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જવા બાબતની આંક–૨૮વાળી ફરીયાદ આપેલી. ફરીયાદીએ ભોગ બનનારનુ આધારકાર્ડ આપેલ. તેઓએ સદર ફરીયાદ તેઓના પો. સ્ટે.મા ગુ. ર.

નં. ૯૫/૨૦૨૫થી દાખલ કરી ત્યારબાદ સદર ગુનાની તપાસ તેઓએ કરેલ. આ ગુનાની તપાસ સંભાળ્યા બાદ તપાસના કામે ભોગ બનનારના જન્મના દાખલાનુ પ્રમાણપત્ર મેળવેલ, જરૂરી પંચનામાઓ પંચોની હાજરીમા કરેલ, ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવવા યાદી કરેલ, ભોગબનનાર તથા આરોપીના જરૂરી મેડીકલ સર્ટી. મેળવેલ, આ કામે સરકારી પંચો ફાળવવા યાદી કરેલ, ભોગબનનારનુ બી.એન. એસ. એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવાની કાર્યવાહી કરેલ તથા તપાસ દરમિયાન કબજે કરેલ કપડાં એફ.એસ. એલ. માં તપાસણી અર્થે રવાનગી નોંધ સાથે મોકલાવેલ હોવાનુ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલ અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા તેઓએ ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે.

(૧૧) ઉપરોકત વિગતોની ફરીયાદ લઈ ગુનો દાખલ કરનાર તેમજ તપાસ કરનાર અમલદારનો મૌખીક પુરાવો તથા તેમની જુબાની દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામા આવે તો એ બાબત સ્પષ્ટ બને છે કે, આ સાહેદો ફરીયાદ લઈ ગુનો દાખલ કરનાર તથા તપાસ કરનાર અમલદાર છે. તેને જોતા સ્વાભાવિક રીતે જ આ સાહેદોને બનાવ સંબંધે કોઈ અંગત કે વ્યકિતગત જાત માહિતી ન હોય તેવી બાબત સ્પષ્ટ બને છે. આ સાહેદે ફરીયાદી, પંચો અને અન્ય સાહેદોની ફરીયાદ, પંચનામાઓ અને નિવેદનોની વિગતો ઉપર મહદઅંશે આધાર રાખી મૌખિક પુરાવો આપેલ છે. તેને જોતા આ સાહેદોનો બનાવ સંબંધે અને બનાવમાં આરોપીની સંડોવણી સંડોવણી સંબંધે પુરાવો એ સીધો કે પ્રત્યક્ષદર્શી પુરાવો ન હોવાનુ સ્પષ્ટ બને છે. પ્રસ્તુત કેસમાં ફરીયાદી તેમજ સાહેદોના પુરાવાને તથા તેના મુલ્યાંકન સંદર્ભે આગળ ઉપર કરવામા આવેલી ચર્ચાને ધ્યાને લેતા આરોપી સામેનુ તહોમતનામું પુરવાર થાય તેવો કોઈ પુરતો અને નિ:શંક પુરાવો ફરીયાદી કે સાહેદો આપતા નહોય તે તમામ હકીકતોને સંયુકત રીતે જોતા સાહેદોએ આપેલ મૌખિક પુરાવો તેની ફરજના ભાગરૂપે તૈયાર કરવામા આવેલ દસ્તાવેજી પુરાવો પણ ફરીયાદી અને અન્ય સાહેદોના

પુરાવાના અભાવે ધ્યાનમાં લેતા આરોપી સામે ફરમાવવામા આવેલ તહોમત પુરવાર કરવા માટે પુરતો અને નિ:શંક ન હોવાનુ સ્પષ્ટ બને છે.

(૧૨) વધુમાં જયા સુધી આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાનો પ્રશ્ન છે ત્યા સુધી રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા અને તેના સ્વરૂપને ધ્યાને લેતા આ દસ્તાવેજી પુરાવાઓ પૈકી ફરીયાદ વિગેરે દસ્તાવેજી પુરાવા હાલના આરોપીએ તેમની સામેના આરોપ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હા કરેલ હોય તેવી બાબતો પુરવાર કરવા માટે પુરતા અને નિ:શંક ન હોવાનું તથા આ તમામ દસ્તાવેજી પુરાવા ઉપરાંત રજુ થયેલા અન્ય દસ્તાવેજી પુરાવા કે જે તપાસની કાર્યવાહી સંદર્ભેના છે તેના સ્વરૂપને ધ્યાને લેતા તેમજ ખુદ ભોગબનનાર પોતે ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા ન હોય ત્યારે, આ દસ્તાવેજી પુરાવા પણ આરોપીને તેમની સામેના આરોપો મુજબના ગુન્હાહીત કૃત્ય કરેલ હોય તેવી બાબત પુરવાર કરવા માટે પુરતા અને નિ:શંક ન હોવાનું સ્પષ્ટ બને છે.

(૧૩) આ કામે ભોગ બનનારને વળતર આપવું કે કેમ ? તે અંગે જોઈએ તો ભોગ બનનારે ખુદ તેમની જુબાનીમાં આરોપીએ તેને ભગાડી લઈ ગયેલ નહી કે તેની સાથે બદકામ કે બળાત્કાર કરેલ નથી તેવો પુરાવો આપેલ છે. તે તથા કેસના સં જોગો ધ્યાને લેતા ભોગ બનનારને વળતર આપવાનો હુકમ કરવો ન્યાયી, વ્યાજબી અને યોગ્ય જણાતું નથી.

(૧૪) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીએ ભારતીય ન્યાય સંહીતા ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ-૪, ૬ તથા ૧૨ હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર કરવામા ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે. જેથી મુદ્દા નં. (૨) થી (૪)નો જવાબ નકારાત્મક ઠરાવી, મુદ્દા નં. (૫) અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## –: : આખરી હુકમ : :–

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૮(૧) અન્વયે આ કામના આરોપી પ્રકાશકુમાર ઉર્ફે પ્રવિણ સ/ઓ કાનાભાઈ ચતુરભાઈ ગોહીલ, રહે. ઉદાપુરા, મેલડીમાતાના મંદીર પાસે, તા. કપડવંજ, જિ. ખેડાને ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી વિશ્વસનીય પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૦(૬) મુજબ અપીલ પીરીયડ સુધીના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર)ના જામીન આપવા.

(૩) આ કામે ભોગ બનનારને વળતર આપવાનો કોઈ હુકમ કરવામા આવતો નથી.

(૪) આ કામે કબજે લેવામા આવેલ બીનકીમતી મુદ્દામાલનો અપીલ પીરીયડ બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામા આવેલ છે.

હુકમ આજ રોજ તારીખ ૨૧મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૧/૦૪/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
વિશેષ જજ (પોકસો) અને અધિક સત્ર
ન્યાયાધીશ, કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ